પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૯ | ૨૦ એપ્રિલ, ૨૦૧૯, શનિવાર; ચૈત્ર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હાર્દિકને થપ્પડ મામલે રાજકારણ ગરમાયું

**સુરેન્દ્રનગરની જાહેર સભામાં હાર્દિક પટેલને શખ્સે મારેલો તમાચો : ભાજપે હુમલો કરાવ્યો હોવાનો હાર્દિકનો ગંભીર આરોપ : વઢવાણ બલદાણા ગામની સભામાં હાર્દિકને થપ્પડ મારનારા યુવાનની પણ ઉપસ્થિત લોકો દ્વારા ધોલાઈ : કોંગ્રેસ પાર્ટીએ ઘટનાની કરેલી જોરદાર નિંદા**



અમદાવાદ,તા.૧૯

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણના બલદાણા ગામે આજે સવારે યોજાયેલી કોંગ્રેસની જનઆક્રોશ સભામાં હાર્દિક પટેલ સાથે લાફાવાળી થઈ હતી. જેમાં તરૂણ ગજ્જર નામના ભાજપના મનાતા કાર્યકરે હાર્દિક પટેલને જોરદાર થપ્પડ મારી દેતા હોબાળો મચી ગયો હતો. ઘટના બાદ સ્થાનિક મહિલાઓ અને ગ્રામજનોએ લાફો મારનાર તરૂણ ગજ્જરને બરેહમીથી માર માર્યો હતો. જેને પગલે તેને ઈજાઓ થતાં હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી. બીજીબાજુ, હાર્દિક પટેલ પર હુમલાને પગલે રાજકીય વાતાવરણ ગરમાયું છે અને આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર શરૂ થયો છે. એકબાજુ, આ હુમલો ભાજપે કરાવ્યો હોવાનો અને ભાજપ તેને મારી નાંખવા માંગે છે તેવો ગંભીર આરોપ હાર્દિક પટેલે લગાવ્યો છે, તો સાથે સાથે કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા ડો.મનીષ દોશી, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયા સહિતના નેતાઓએ હાર્દિકને થપ્પડની ઘટનાની ભારોભાર નિંદા કરી હતી અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

બીજીબાજુ, ભાજપે આ સમગ્ર મામલામાંથી હાથ ઉંચા કરી પોતાનો તેમાં કોઈ હાથ નહી હોવાનો બચાવ રજૂ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## હાર્દિકના આંદોલનના કારણે હું, પત્ની ખુબ જ હેરાન થયા : તરૂણ ગજ્જર

**અનામત આંદોલનના કારણે હાર્દિક પોતાની જાતને મોટો હિટલર માની બેઠો હતો, તેના પરિણામે ૧૪ છોકરા શહીદ**

અમદાવાદ,તા.૧૯

આજે કોંગ્રેસના હાર્દિક પટેલને લઈને ગુજરાતની રાજનીતિમાં રાજકારણ જોરદાર રીતે ગરમાયું હતું. આજે હાર્દિકને જાહેરમાં લાફો પડ્યો હતો. હાર્દિકને તરૂણ ગજ્જર નામના વ્યક્તિએ સ્ટેજ પર ચઢીને લાફો માર્યો હતો. ત્યારબાદ લાફો મારનાર તરૂણ ગજ્જને ઢોર માર મારવામાં આવ્યો હતો, અને તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હાર્દિક પટેલને લાફો મારનાર વ્યક્તિ તરૂણ ગજ્જર તો બીજા સમાજનો હતો, તો પછી તેને હાર્દિકને લાફો કેમ માર્યો તે સવાલને લઈ અનેક તર્ક વિતર્ક અને અટકળો ચાલ્યા હતા. જો કે, હોસ્પિટલમાં જ્યારે પોલીસે તરૂણ ગજ્જર સાથે વાતચીત કરી ત્યારે તેને મોટા ખુલાસા કર્યા હતા અને જણાવ્યું હતું કે, હાર્દિકના આંદોલન વખતે તેની પત્ની અને ત્યારબાદ તેના બાબાની તબિયતને લઈ તે બહુ હેરાન થયો હતો અને બહુ તકલીફો અને મુશ્કેલીઓનો સામનો કર્યો હતો, તેનો ભારોભાર આક્રોશ હતો, તેથી વ્યકિગતગત રીતે તેણે આ પગલું ભર્યું હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. હાર્દિકને થપ્પડ મરાયાની સમગ્ર ઘટના બાદ સુરેન્દ્રનગર એસપીએ એક પત્રકાર પરિષદ કરી આ મામલે ખુલાસા કર્યા હતા. પોલીસ જ્યારે તરૂણ ગજ્જરને આ ઘટના વિશે પુછપરછ કરી રહી હતી



ત્યારે તેણે પોલીસ સમક્ષ અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. પોલીસે તરૂણને હાર્દિકને લાફો મારવાનું કારણ પુછ્યું તો, તેણે કહ્યું હતું કે, હાર્દિક પટેલે તેના સમાજ માટે સારા કામ કર્યા છે. હાર્દિકની જ્યારે ૨૦૧૫માં અમદાવાદમાં

● અનુસંધાન પાન-૭ પર

# પ્રિયંકા ચતુર્વેદી શિવસેનામાં જોડાયા

**કોંગ્રેસમાં મહિલાઓનું સન્માન નથી : પ્રિયંકા : કોંગ્રેસ સાથે લાંબા સમય સુધી કામ કર્યા બાદ હવે તમામ રીતે છેડો ફાડ્યો**

નવી દિલ્હી, તા. ૧૯

કોંગ્રેસના પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદી ધારણા પ્રમાણે જ કોંગ્રેસ પાર્ટી સાથે છેડો ફાડીને આજે શિવસેનામાં સામેલ થઈ ગયા હતા. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. મથુરામાં થયેલી ઘટનાના વિરોધમાં પ્રિયંકાએ પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધું હતું. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને લખવામાં આવેલા પત્રમાં પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું છે કે, પાર્ટીમાં તેમને મળેલી જવાબદાર માટે તેઓ આભાર માને છે. છેલ્લા કેટલાક સમયથી તેમના કામની પાર્ટી દ્વારા નોંધ લેવામાં આવી રહી નથી. શિવસેનાના સાંસદ સંજય રાવત દ્વારા શિવસેનામાં તેમને સામેલ થવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, શિવસેના પ્રિયંકા ચતુર્વેદીનું સ્વાગત કરે છે. શિવસેના માટે સમગ્ર દેશમાં સક્રિય થઈ રહી છે. પ્રિયંકા હવે પાર્ટી માટે કામ કરશે. ટ્વિટર ઉપર મથુરા ઘટનાને લઈને પોતાની નારાજગી વ્યકત કરી હતી. પ્રિયંકાએ પોતાના ટ્વિટર હેન્ડલથી બાયો ઈન્ટ્રોમાંથી કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પદથી પોતાનું નામ દૂર કરી દીધું છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા તેમનું અપમાન કરવામાં આવી રહ્યું હતું. શિવસેનામાં સામેલ થયા બાદ પ્રિયંકાએ કહ્યું હતું કે, તેમની જવાબદારી મુદ્દાને લઈને ટિકિટને લઈને કોંગ્રેસ પાર્ટી છોડી નથી. તેમના માતા-પિતા મથુરામાંથી આવે છે પરંતુ ત્યાંથી ટિકિટની માંગ કરી ન હતી.

## ન્યુઝ ટ્રેક

### કપિલ દેવના પુસ્તકનું લોન્ચીંગ

ક્રિકેટ દિગ્ગજ કપિલ દેવ અને દુબઈના ઉદ્યમી અજય શેઠીએ ગુરુ નાનકદેવની ૫૫૦મી જયંતિના અવસરે કોફે ટેબલ બુક 'ધી ધ શીખ' લોન્ચ કરી છે. આ પુસ્તકમાં દુનિયાભરના ૧૦૦ ગુરુદ્વારાના ચિત્રો અને મૂળ ચિત્રોને સંગ્રહિત કરવામાં આવ્યા છે. હાલમાં આ બંને લેખકો અમેરિકાના પ્રવાસે છે.

### સાધ્વી પ્રજ્ઞા વિરૂદ્ધ માલેગાંવ પીડિત કોર્ટમાં

માલેગાંવ બ્લાસ્ટના આરોપી સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરને ભોપાલ સીટથી બીજેપીના ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. સામાજિક કાર્યકર્તા તહસીન પૂનાવાલા પછી હવે માલેગાંવ બ્લાસ્ટના પીડિતના પિતાએ મહારાટ્રની એનઆઈએ કોર્ટમાં અરજી દાખલ કરી છે અને સાધ્વીના જામીન સામે સવાલ ઉભા કર્યા છે.

# માયા-મુલાયમ ૨૪ વર્ષ બાદ એક મંચ પર

**૨૪ વર્ષ સુધી બંને એકબીજાના નજીકના હરીફ રહ્યા બાદ મોદી સામે લડવા માટે એક જ મંચ પર**

મૈનપુરી, તા.૧૯

૨૪ વર્ષના લાંબા ગાળા બાદ મુલાયમસિંહ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી બંને નેતાઓની ચર્ચા આજે જોવા મળી હતી. માયાવતીએ



મુલાયમસિંહ અને માયાવતી આજે એક મંચ ઉપર જોવા મળ્યા હતા. કોઈ સમયે એકબીજાના નક્કર હરીફ રહી ચુકેલા સમાજવાદી પાર્ટીના સ્થાપક આજે મૈનપુરીના મંચ ઉપર એક સાથે નજરે પડ્યા હતા. ઉત્તરપ્રદેશની રાજનીતિમાં આ એક ઐતિહાસિક ક્ષણ આવી હતી. ૨૪ વર્ષ બાદ એક સાથે દેખાયેલા આ ગેસ્ટહાઉસ કાંડનો ઉલ્લેખ કર્યો હતો પરંતુ એમ પણ કહ્યું હતું કે, મોટા લક્ષ્યને હાંસલ કરવા માટે જૂની વાતો ભુલવાની જરૂર હોય છે. મુલાયમસિંહ પણ સંસદમાં મહિલાઓ માટે કરવામાં આવેલા કામનો ઉલ્લેખ કર્યો હતો. બંને નેતાઓએ એકબીજાની પ્રશંસા કરી હતી. માયાવતીની સામે સમાજવાદી પાર્ટીના સ્થાપકે આ નિવેદનને ગેસ્ટહાઉસ કાંડથી તેમના આગળ વધી જવાનો સંકેત આપ્યો હતો. મંચ ઉપર બોઠેલા માયાવતીની હાજરીમાં મુલાયમે તેમની પ્રશંસા કરી હતી જ્યારે માયાવતીએ પણ તેમની પ્રશંસા કરી હતી. ભાષણની શરૂઆતમાં માયાવતીએ ૨૪ વર્ષ પહેલાની ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, સપા અને બસપા વચ્ચે ખરાબ સંબંધો માટે ગેસ્ટહાઉસ કાંડ મુખ્યરીતે જવાબદાર હતી. માયાવતીએ ગઠબંધનના નિર્ણય ઉપર સમર્થન કરતા કહ્યું હતું કે, જનતા અને મિડિયા જાણવા માંગે છે કે, બસપના પ્રમુખની સાથે મુલાયમસિંહ યાદવની સરકારના લીધે ખાસ કરીને બીજી જૂન ૧૯૯૫ના દિવસે ગેસ્ટહાઉસ કાંડ છતાં યુપીમાં સપા અને બસપા ગઠબંધન કેમ થયું છે.

જોઈએ છે
વિડીયો ગ્રાફર
શૌનક ફિલ્મસ્
80008 08756
91040 00667




અભિનંદન



મિલન પટેલ

ભારત સરકારના CSIR દ્વારા વર્ષ ૨૦૧૯માં લેવાયેલ 'National Eligibility Test (NET)' (ગણિત વિષય) ની પરીક્ષામાં સમગ્ર ભારતમાં બત્રીસ(૩૨)માં ક્રમાંકે ઉર્તીણ થઇ કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ઇસનપુરમોટા ગામ તથા વિવેકાનંદ એકેડમી પરિવારનું ગૌરવ વધારવા બદલ અંત:કરણના કોટિ કોટિ અભિનંદન

શિક્ષણક્ષેત્રે હજુ વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શિક્ષણજગતને કંઇક વિશેષ પ્રદાન કરે એવી અભિલાષા....

ભવદીય
વિવેકાનંદ એકેડમી પરિવાર, ગાંધીનગર.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

